બનાસકાંઠામાં ઈકો સેન્સિટિવ ઝોનની શરતો સામે વિરોધ

૫૦ ગામોના આદિવાસીઓનું કલેકટરને આવેદનપત્ર

બનાસકાંઠા જીલ્લાના અમીરગઢ-દાંતા પંથકના ખેડૂતો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં ઈકો સેન્સિટીવ ઝોન મુદ્દે વિરોધ દર્શાવી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. આ રેલીમાં આદીવાસી સમાજના યુવાનો, વડીલો અને મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોડાઇ હતી. આવેદનપત્રમાં દાંતા-અમીરગઢ-પાલનપુર અને વડગામ વિસ્તારના અંદાજે ૫૦ ગામોના આદીવાસીઓએ વિરોધ નોંધાવ્યો છે. કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૧ માં બનાસકાંઠા જીલ્લાના બાલારામ-અંબાજી આસપાસના વિસ્તારોમાં ઈકો સેન્સિટીવ ઝોન મામલે એક જાહેરનામું બહાર પાડ્યુ હતુ. જે બાદમાં હવે પંથકના આદીવાસીઓએ એકજૂટ થઇ વિરોધ દર્શાવ્યો છે. જેમાં આજે અંદાજીત ૫૦ ગામોના આદીવાસીઓ મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી પહોંચી કલેક્ટર વતી કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયને પાઠવ્યુ છે.

આદીવાસી સમાજના મહિલા-યુવાનો અને વડીલોએ મોટી સંખ્યામાં એકઠા થઇ એક સૂરે વિરોધ નોંધાવ્યો છે. જેમાં હાલની સ્થિતિએ પણ અમુક ગામોના લોકોને બહાર ગામ જવા માટે ચાલતાં જવુ પડતુ હોઇ આ ઈકો સેન્સિટીવ ઝોનથી અનેક ગામોને મુશ્કેલી પડશે તેવું ઉમેર્યુ છે.

આ સાથે જાહેરનામામાં બાલારામ-અંબાજી અભ્યારણ્યમાં ઈકો સેન્સિટીવ ઝોનમાં વસતાં વન્ય જીવોની ચર્ચા કરવામાં આવી અને ત્યાં વસતાં લોકો અને તેમની સ્થિતિ વિશે કોઇ ઉલ્લેખ કરવામાં નહી આવ્યાનો આક્ષેપ કર્યો છે.

કોઇપણ વિસ્તારને ઈકો સેન્સિટીવ જાહેર કરવા માટેની ગાઇડલાઇન મુજબ વાઇલ્ડ લાઇફ વોર્ડન, પર્યાવરણ નિષ્ણાંત, પંચાયતના સભ્ય અને રેવન્યુ વિભાગના અધિકારીઓની એક સમિતી બનાવવાની હોય છે. જે સમિતી રીપોર્ટ રજુ કરે છે કે, આ વિસ્તારની સ્થિતિ શુ છે ? ત્યાં કેટલાં લોકો રહે છે ? ત્યાંની જમીનનો શેમાં ઉપયોગ થઇ રહ્યો છે આવા અનેક મુદ્દાનો ઉલ્લેખ કરવો પડે છે. જોકે બાલારામ-અંબાજી પંથકમાં આવી કોઇ સમિતિ બનાવી ન હોવાનો અને તેમના પંચાયતમાં કોઇને પણ સભ્ય ન બનાવ્યા હોવાનો આક્ષપે આવેદનપત્રમાં કરવામાં આવ્યો છે. આવેદનપત્રમાં કેન્દ્ર સરકારે ૨૦૦૬ માં આદીવાસીઓ માટે જે કાયદો લાવ્યા તેના અમલની વાત કરી છે. આ સાથે આદીવાસી વિસ્તારમાં કે ગામોમાં કોઇપણ વાતચીત વગર આ વિસ્તારની ઈકો સેન્સિટીવ ઝોન જાહેર કરવાની હીલચાલ હોવાનો આક્ષેપ કર્યો છે.

ગુંદરી ચેકપોસ્ટ અને પાંથાવાડાથી ફેલ્સપાર ખનીજ ભરેલી ૩ ટ્રક ઝડપાઈ

પાંથાવાડાની ગુંદરી ચેકપોસ્ટ પરથી બનાસકાંઠા ખાણ ખનીજ વિભાગે ગઈ કાલ સાંજના સુમારે બિન અધિકૃત ૩ ફેલ્સપાર ખનીજ

ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. બનાસકાંઠા ખાણ ખનીજ વિભાગ દ્વારા બે ટ્રકની તપાસ કરી રોયલ્ટીની વિગતો માગતા ન મળતા બિન આધિકૃત ફેલ્સપાર ભરેલી ટ્રક કબ્જે કરી હતી.જેમાં ટ્રક નંબર આર જે ૫૨ જીએ ૭૩૨૧ માં જસવિરસિગ રામલાલ રાજપૂત (રાજસ્થાન) પાસેથી બિન અધિકૃત ફેલ્સપાર ખનીજનો ૪૨.૫૧૦ મેટ્રિક ટન જથ્થો (કી. અંદાજે ૩૦ લાખ રૂપિયા) જપ્ત કરી પાંથાવાડા પોલીસને સોપવામાં આવેલ. જ્યારે બનાસકાંઠા ખાણ ખનીજ દ્વારા બીજી પણ બિન અધિકૃત ફેલ્સપાર ખનીજનો ૪૩.૧૨૦ મેટ્રિક ટનનો જથ્થો (કી. ૩૦ લાખ) ભરેલી ટ્રક (નંબર આર જે ૫૨ જીએ ૩૫૧૫) ના દિનેશ નાથુલાલ બૈરવા (રાજસ્થાન) પાસેથી જપ્ત કરી પાંથાવાડા પોલીસને સુપ્રત કરેલ.

વધુમાં ગુંદરી ચેક પોસ્ટ ઉપરથી પાંથાવાડા પોલીસે સમય મર્યાદા પુર્ણ થયા પછી પણ ખનીજ વહન કરતી ટ્રકને પકડી કાર્યવાહી કરી છે જેમાં ટ્રકની રોયલ્ટી પરમીશન રાજસ્થાનના આબુરોડ લઈ જવાની હતી પરંતુ તેમાં ભરેલું ફેલસ્પર છેક મોરબી લઈ જવામાં આવી રહ્યું હતું.આમ રોયલ્ટી ચોરી કરતી ટ્રકને પોલીસે કસ્ટડીમાં લીધી છે. અને ખાણ ખનીજ વિભાગને દંડાત્મક કાર્યવાહી કરવા પત્ર લખ્યો છે.

ઈડર પ્રાંત અધિકારીના વર્તાવ સામે આક્રોશ

મત ગણતરીના દિવસે પ્રવેશ ન આપ્યો : ઈડર પ્રિન્ટ એન્ડ ઈલેક્ટ્રોનિક મીડીયા દ્વારા આજે એક દિવસના પ્રતિક ઉપવાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

તા.૨ માર્ચના રોજ મત ગણતરી સ્થળે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયાના પ્રતિનિધિઓને સક્ષમ અધિકારીએ પાસ ઈસ્યુ કર્યા હોવા છતાં ઈડર પ્રાંત અધિકારીની જીદ ના કારણે પ્રવેશ ન અપાતાં અધિકારીના અસહકાર ભર્યા વર્તન સામે પ્રિન્ટ એન્ડ ઈલેક્ટ્રોનિક મીડીયા-ઈડર દ્વારા એક દિવસના પ્રતિક ઉપવાસ માટે જિલ્લા કલેક્ટર સમક્ષ મંજૂરી માગવામાં આવી છે.

અનેક અધિકારીઓની પોલ મીડીયાએ ખુલ્લી પાડી છે જેના કારણે અધિકારીઓ ગભરાઈ જઈને હવે યેનકેન પ્રકારે મીડીયા કર્મીઓને પોતાની ચેમ્બરથી માંડી કેટલાક જાહેર સ્થળો ઉપર ન પ્રવેશે તેની ચીવટ રાખતા થઈ ગયા છે. જિલ્લા માહિતી વિભાગ દ્વારા જે તે વિસ્તારના મીડીયા કર્મીઓને મામલતદાર પાસેથી જરૂરી આધારો રજૂ કરી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને પાલિકાની ચૂંટણીમાં મતદાન તેમજ મત ગણતરી સ્થળે જઈ શકે તે માટે પાસ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. પરંતુ ઈડર પ્રાંત અધિકારી દ્વારા મીડીયા કર્મીઓ સાથે અસહકાર ભર્યું વર્તન કરી પ્રવેશ આપવામાં આવ્યો ન હતો જેના કારણે મીડીયા કર્મીઓએ આક્રોશ સાથે મુખ્ય મંત્રીને લેખિત ફરિયાદ મોકલી છે અને એક દિવસના પ્રતિક ઉપવાસ માટે વહીવટી તંત્રની મંજૂરી માગવામાં આવી છે.

અંદાજપત્ર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નાણામંત્રીએ કહ્યું હતું કે સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કોવિડની મહામારીના કારણે લોકોની આર્થિક પ્રવૃત્તિઓ પર વિપરિત અસર થઇ છે અને ગુજરાતની જનતા ફરીથી બેઠી થઇ રહી છે ત્યારે બજેટના હયાત વેરાના દરોમાં કોઇપણ જાતનો વધારો નહીં કરવાની તેમજ નવા કોઇ વેરા નહીં નાંખવાની હું જાહેરાત કરૂં છું જેથી બજેટની એકંદર અંદાજીત પુરાંત ૫૮૭.૮૮ કરોડ રહેશે. સરકારે આગામી વર્ષમાં ૧.૬૭ લાખ કરોડ રૂપિયાની આવકનો અંદાજ રાખ્યો છે.

બીજી તરફ નાણામંત્રીએ વિધાનસભામાં અનેક નવી જાહેરાતો કરી છે. નાણામંત્રીએ પેપરલેસ બજેટ રજૂ કરીને ૮૦ લાખ રૂપિયાની બચત કરી છે, કારણ કે બજેટના ૭૩ પ્રકાશનોના ૫૫ લાખ જેટલા પાનાં દર વર્ષે પ્રિન્ટ કરવામાં આવે છે. રાજ્ય સરકારે કૃષિ વિભાગ માટે ૭૨૩૨ કરોડની જોગવાઇ કરી છે. શિક્ષણ વિભાગનું બજેટ ૩૨૭૧૯ કરોડનું બનાવવામાં આવ્યું છે, જ્યારે આરોગ્ય પાછળ ૧૧૩૨૩ કરોડ, જળસંપત્તિ માટે ૫૪૯૪ કરોડ અને ગૃહ માટે ૭૯૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નીતિન પટેલના બજેટમાં ગ્રામ્ય વિકાસ માટે ૮૭૯૬ કરોડ તેમજ શહેરી વિકાસ માટે ૧૩૪૯૩ કરોડ રૂપિયા ખર્ચવાનું નક્કી કરવામાં આવ્યું છે.

નાણામંત્રીએ રાજ્યમાં બે મેગા ટેક્સટાઇલ પાર્ક, ભરૂચના જંબુસરમાં બલ્ક ડ્રગ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક તેમજ રાજકોટમાં મેડીકલ ડિવાઇસ ઇન્ડસ્ટ્રીયલ પાર્કની જાહેરાત કરી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે વધુ ૬૫૨ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવી રહ્યો છે. રાજ્યના ચાર શહેરો વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં મેટ્રો ટ્રેનની યોજનાનો વાયદો કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, અમદાવાદ, સોમનાથ, અંબાજી, દ્વારકા, સાપુતારા અને ગીરમાં હેલીપોર્ટ બનાવવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના ધાર્યા પરિણામ મળતાં નીતિન પટેલે સાગરખેડૂના વિકાસ માટે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની કલ્યાણ યોજનાની જાહેરાત કરી છે. એવીજ રીતે વનબંધુ યોજનામાં એક લાખ કરોડ રૂપિયા ખર્ચવાનો વાયદો કરવામાં આવ્યો છે. ગુજરાતના બજેટમાં નીતિન પટેલ કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રભાવ વધુ જોવા મળ્યો છે. મોદી સરકારની યોજનાઓ અને મોદીના ડ્રીમ પ્રોજેક્ટ માટે બજેટમાં નીતિન પટેલે દિલ ખોલીને ફાળવણી કરી છે.

નાણામંત્રીએ બજેટમાં ધારાસભ્યોનો ખૂશ કરી દીધા છે. રાજ્યના તમામ ધારાસભ્યો માટે ૨૦૨૧-૨૨થી પુન ગ્રાન્ટ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહીં ધારાસભ્યો માટે નવા આવાસ બનાવવાની પણ જાહેરાત કરવામાં આવી છે. સરકારે નવી ૫૦ ઇલેક્ટ્રિક બસ ખરીદવા માટે પણ બજેટ બનાવ્યું છે. સરકારી નોકરીઓ સાથે નીતિન પટેલે કહ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં મેન્યુફેક્ચરીંગ, ફાર્મા, એનર્જી, એન્જીનિયરીંગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આઇટી, પ્રવાસન અને બેંકીંગ જેવા ક્ષેત્રોમાં રાજ્યના ૨૦ લાખ યુવાનોને રોજગારી મળશે. આ સાથે વ્યાપાર, ઉદ્યોગ, ખેતી અને પશુપાલનને પ્રોત્સાહન આપવા સાથે સંલગ્ન રોજગારીની તકોનું સર્જન કરવાની હૈયાધારણા આપી છે.

નાણામંત્રીએ કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા ત્રણ લાખ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટેબલેટ આપવા માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. કેવડિયામાં ડ્રેગન ફ્રુટ એટલે કે કમલમને ખિલવવા માટે બજેટમાં ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ રહી છે. ગોધરા અમે મોરબીમાં નવી મેડીકલ કોલેજ ખોલવામાં આવશે તેવું પણ નીતિન પટેલે કહ્યું છે. તેમણે કહ્યું છે કે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીયકક્ષાનું એક્સલન્સ સેન્ટર ઉભું કરાશે, જ્યારે ગિફ્ટ સિટીમાં ૧૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. કલ્પસર યોજનાને આગળ ધપાવવા ભાડભૂત બેરેજ માટે ૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

સરકારે ગાંધીનગર અને સુરત મેટ્રોરેલ માટે ૫૬૮ કરોડની ફાળવણી કરી છે. ગાંધીનગરના કડજોદરા સહિત રાજ્યના અલગ વિસ્તારોમાં ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપવા નવી જીઆઇડીસી સ્થાપવાનું વચન સરકારે આપ્યું છે. રૂફટોપનો ફેલાવો કરવા માટે ત્રણ લાખ ઘરોને ૮૦૦ કરોડ રૂપિયાની સહાય અપાશે. અમદાવાદ અને મુંબઇ વચ્ચેના બુલેટ ટ્રેનમાં ૧૫૦૦ કરોડનો ખર્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. સરકાર ૨૦૨૨ સુધીમાં ૯૦૦ કરોડના ખર્ચે શહેરી વિસ્તારમાં નવા ૫૫૦૦૦ આવાસોનું નિર્માણ કરશે.

ઓવરબ્રિજ બનશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અંદાજપત્રમાં પણ આ ઓવરબ્રિજને અનુલક્ષીને ખાસ જોગવાઇ કરવામાં આવી છે. આ રૂટમાં થતા ટ્રાફિક જામના દ્રશ્યોને ડામવા માટે ભાટ સર્કલ પર કોબા હાઈવેને સમાંતર દોઢ કીલોમીટર જેટાલ લાંબા ઓવરબ્રિજનુ નિર્માણ કરાશે. જેમાં ૨૪૦ મીટર જેટલો ભાગ કેબલથી કવર કરવામાં આવશે. જ્યારે બ્રિજ પર ૩૫ મીટરના અંતરે પીલ્લર પણ રાખવામાં આવશે. જ્યારે વચ્ચેના ભાગે બે પાયલોન રહેશે.જેના આધારે કેબલ બ્રિજને સર્પોટ મળી રહેશે. જેના લીધે આ પ્રોજેક્ટને એકસ્ટ્રા ડોઝેડ કેબલ સ્ટેઇડ બ્રિજ તરીકે ઓળખવામાં આવે છે. સરકારે આ બજેટમાં આ પ્રોજેક્ટને અનુલક્ષીને રૂ ૧૩૬ કરોડની જોગવાઇ કરી છે. જ્યારે શાહપુર સર્કલના વિસ્તારમાં પણ સવારે અને સાંજે ટ્રાફિકનો સતત ધમધમાટ રહે છે. જેને અનુલક્ષી કોબા હાઇવેને સમાંતર સરકારે સિકસલેન બ્રિજ બનાવાનુ નક્કી કર્યુ છે. એક કીલોમીટરના સિકસલેન બ્રિજના નિર્માણ પાછળ રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે. જેને અનુલક્ષી વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં રૂ ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

સોનાના ભાવ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં એક ઔંશ સોનાનો ભાવ ડોલર ૧૮૬૪ હતો જે મંગળવારે ૨ માર્ચ સુધીમાં ઘટીને પ્રતિ ઔંશ ડોલર ૧૭૦૭ થઈ ગયો છે.

વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અંગેના લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ કે ગાંધીનગર તાલુકામાં ૫, માણસામાં ૧, દહેગામમાં ૧ અને કલોલમાં ૨ જીઆઈડીસી વસાહતો આવેલ છે.

આ ઔદ્યોગિક વસાહતોમાં હાલ ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ વસાહતમાં ૫૧, ગાંધીનગર એન્જનીયરીંગમાં ૧૯, એસ ઈ ઝેડ ૧, ભાટમાં ૩, માણસામાં ૩, દહેગામમાં ૫, કલોલમાં ૧૪ અને છત્રાલમાં ૨૯ એકમો બંધ છે.

આ એકમો બંધ હોવાના કારણો અંગેના લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ઉત્પાદનની માંગ ઘટાડો, અંગત કારણોસર તેમજ નાણાંકીય કારણોસર તે બંધ છે.

તેમણે અન્ય લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગુજરાત આત્મનિર્ભર પેકેજ હેઠળ તબદીલી ફી ૧૫ ટકાને સ્થાને ૧૦ ટકા, વણ વપરાશી દંડ મહત્તમ ૨૦ ટકાના સ્થાને અરજી તારીખથી છેલ્લા બે વર્ષથી વધુ સમયથી ઉદ્યોગ બંધ રહેલ હોય તો તેના માટે ઉચ્ચક ૫ ટકા લેખે કુલ ૩૫ ટકાના સ્થાને કુલ ૧૫ ટકા વસુલ લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

● **ખનીજ ચોરી**

કોંગીના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ખનીજ ચોરીના કેસો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીની ૧૨૯ ફરિયાદો નોંધાઈ છે.

તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૪૭ લોકો સામે ખનીજ ચોરી કરવા સબબ કેસ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં થઈ રૂ. ૯૫.૦૮ લાખ રૂ.નો દંડ પણ વસુલવામાં આવ્યો છે.

કોંગીના ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આ ચોરી સંદર્ભે જ પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે તા. ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીના કેસોમાં દંડની વસુલાત કરવાની બાકી રકમ ૬૨૮.૩૭ લાખ બાકી છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષની બાકી વસુલાતની રકમ રૂ. ૨૫૯૫૭ લાખ છે જ્યારે બે વર્ષથી વધુ સમયની બાકી વસુલાતની રકમ રૂ. ૩૬૮ લાખ છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે દંડકીય વસુલાતની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે તેમજ વસુલાતના હુકમ પણ કરવામાં આવેલ છે.

અંદાજપત્રમાં ક્યા વિભાગને કેટલી ફાળવણી

● **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૧, ૩૨૩ કરોડની જોગવાઇ**

ગુજરાત વિધાનસભાના ૨૦૨૧-૨૨ના બજેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૧,૩૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતમાં કોવિડ મહામારી દરમિયાન અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી હતી. રાજ્યમાં ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્ર, ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૩૨૧ શહેરી આરોગ્ય કેન્દ્ર અને ૩૪૮ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આરોગ્ય સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

● **શિક્ષણ માટે ૩૨૭૧૯ કરોડની ફાળવણી**

બજેટમાં શિક્ષણ ક્ષેત્રે પણ ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ માટે કુલ ૩૨,૭૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણ એ સતત વિકાસની પ્રક્રિયા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ આગામી સમયની જરૂરિયાત ધ્યાને લઇ ક્રાંતિકારી ફેરફારો સૂચવવામાં આવ્યા છે. માતૃભાષામાં શિક્ષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે આધુનિક યુગને અનુરૂપ શિક્ષણ પદ્ધતિને પરિવર્તનશીલ બનાવવામાં આવેલ છે. મિશન સ્કૂલસ ઓફ એકસેલન્સ ગુજરાતના વિદ્યાર્થીઓને અદ્યતન શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

● **યાત્રાધામના વિકાસ માટે સરકારે રૂ.૧૫૪ કરોડની જોગવાઇ**

ગુજરાતના ૨૦૨૧-૨૨ના બજેટમાં રાજયમાં આવેલા ધાર્મિક ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા યાત્રાધામના વિકાસ માટે સરકારે રૂ.૧૫૪ કરોડની જોગવાઇ કરી છે. જેમાં પાવાગઢના વિકાસ માટે રૂ.૩૧ કરોડ, નારાયણ સરોવર-કચ્છના વિકાસ માટે રૂ.૩૦ કરોડ કચ્છના માતાના મઢના વિકાસ માટે રૂ.૨૫ કરોડ ફાળવ્યા છે.

● **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂપિયા ૭૨૩૨ કરોડની જોગવાઇ**

કૃષિ , ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂપિયા ૭૨૩૨ કરોડની જોગવાઇ સરકારે જાહેર કરી છે. બજેટમાં રાજયના ચાર લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટોકર વિના મૂલ્યે આપવા રૂ.૮૭ કરોડની જોગવાઇ કરાઇ છે. ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ રૂં.૧૦ લાખની સહાય માટે રૂ.૮૨ કરોડની જોગવાઇ કરાઇ છે..તે ઉપરાંત બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂં.૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

● **વન અને પર્યાવરણ વિભાગ માટે ૧ હજાર ૮૧૭ કરોડની જોગવાઈ**

નીતિન પટેલે વન અને પર્યાવરણ વિભાગ માટે ૧ હજાર ૮૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં કમલમના બે લાખ રોપા નર્સરીમાં ઉછેર કરી કેવડિયાની આજુબાજુના ૫૦ કિલોમીટરની ત્રિજ્યામાં કમલમનું વાવેતર તથા જાળવણી માટે ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં વન વિસ્તાર સિવાયના વિસ્તારમાં સામાજિક વનીકરણ માટે ૨૧૯ કરોડની જોગવાઈ કરાઈ છે.

● **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૧૩ હજાર ૪૯૩ કરોડની જોગવાઈ**

શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ માટે ૧૩,૪૯૩ કરોડની જોગવાઈ. ન.પા., મનપા અને શહેરી વિકાસ સત્તામંડળો માટે ૪૫૬૩ કરોડની જોગવાઈ. અમદાવાદ સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મનપા તથા દાહોદ નપાને સ્માર્ટ સિટી હેઠળ ૭૦૦ કરોડની જોગવાઈ. અમદાવાદ-ગાંધીનગર તેમજ સુરત શહેરમાં મેટ્રો રેલ માટે ૫૬૮ કરોડની જોગવાઈ. ૨૦૨૨માં શહેરમાં સૌને ઘર આપવા માટે ૫૫,૦૦૦ આવાસો બનાવાશે, જેના માટે ૯૦૦ કરોડની જોગવાઈ. રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગરમાં પણ મેટ્રો લાઈટ- મેટ્રો નીઓ જેવી નવી ટેક્નોલોજીવાળી મેટ્રો સેવા શરુ કરાશે, જેના માટે ૫૦ કરોડ ફાળવાયા.

● **બાગાયત ખાતાની યોજનાઓ માટે રૂ.૪૪૨ કરોડની જોગવાઇ**

બિન ઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી અને ઔષધિય પાકોની ખેતી માટે ઉપયોગમાં લઇ શકાય તે હેતુથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની જાહેરાત કરી છે. આ યોજનામાં પ્રથમ તબક્કે કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ૫૦ હજાર એકર ખરાબાની બિનઉપજાઉ જમીન આધુનિક ટેક્નોલોજીથી ઉપજાઉ બનાવવા માટે અને તે દ્વારા મોટી સંખ્યામાં નવી રોજગારીનું નિર્માણ કરવા માટે પ્રગતિશીલ ખેડૂતો, સક્ષમ વ્યક્તિઓ, સંસ્થાઓ, કંપનીઓ અથવા ભાગીદારી પેઢીને ભાડાપટ્ટે આપવામાં આવશે. જેના થકી બે લાખ મેટ્રિક ટન બાગાયતી પાકોનું ઉત્પાદન અને પ્રોસેસિંગની તકો ઊભી થશે. આ યોજના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નર્સરીઓ અને સેન્ટર ઓફ એક્સેલેન્સના સુદૃઢીકરણ તેમજ અર્બન હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ કેન્દ્રોમાં તાલીમ આપવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● **પૂરક પોષણ યોજના માટે રૂપિયા ૯૩૯ કરોડની જોગવાઇ**

જેમાં પૂરક પોષણ યોજના માટે રૂપિયા ૯૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને ગંગા સ્વરૂપા આર્થિક સહાય માટે રૂપિયા ૭૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે...૮ લાખ કરતા વધુ વિધવા મહિલાઓને લાભ મળે છે. તેમજ પૂર્ણા યોજના અંતર્ગત રૂપિયા ૨૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

● **પાણી પુરવઠા માટે ૩૯૭૪ કરોડની યોજના**

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ૨૮૪૧ ગામોના પ્રગતિ હેઠળના તથા ૧૯૪૧ ગામોના મંજૂર થયેલા પાણી પુરવઠાના કામો માટે ૧ હજાર કરોડની જોગવાઈ. વડોદરા, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, પંચમહાલ, સુરત, નવસારી અને વલસાડમાં બલ્ક પાઈપલાઈન યોજનાઓ માટે ૯૬૮ કરોડની જોગવાઈ. નાવડાથી ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમીટરની બલ્ક પાઈપલાઈન માટે ૬૭૫ કરોડની જોગવાઈ. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના ગામોમાં ૨૭ કરોડ લિટર ક્ષમતાના ડીસસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા ૩૦૦ કરોડની જોગવાઈ. રાજ્યના બાકી રહેલા ૧૭ લાખ ૭૮ હજાર ઘરોમાં નળ જોડાણ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવા ૩૦૦ કરોડની જોગવાઈ. અમદાવાદ, વડોદરા અને જેતપુરમાં ઔદ્યોગિક ગંદા પાણીના વહન માટે ૨૨૭૫ કરોડના પ્રોજેક્ટનું અમલીકરણ થશે, જેના માટે ૭૫૮ કરોડની જોગવાઈ.

● **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે ૪૩૫૩ કરોડની જોગવાઈ**

વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃદ્ધ યોજના અને વય વંદના અંતર્ગત ૧૦ લાખ ૯૫ હજાર નિરાધાર વૃદ્ધોને પેન્શન આપવા ૧૦૩૨ કરોડની જોગવાઈ. ૬.૬૩ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા ૫૪૯ કરોડની જોગવાઈ. ૧.૮૨ લાખ કન્યાઓને વિના મૂલ્યે સાઈકલ આપવા સરસ્વતી સાધના યોજના હેઠળ ૭૧ કરોડની જોગવાઈ. કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ હવે ૧૨ હજાર રુપિયા અપાશે, જેના માટે ૪૦ કરોડની જોગવાઈ.

● **મહિલા અને બાળ વિકાસ માટે કુલ ૩૫૧૧ કરોડની જોગવાઇ**

સશક્ત મહિલા સુપોષિત ગુજરાતના અભિગમ સાથે રાજ્યમાં ૫૩ હજારથી વધુ આંગણવાડીઓ મારફત અંદાજીત ૬૦ લાખ બાળકો, કિશોરીઓ, સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને પૂરક પોષણ અને આરોગ્ય શિક્ષણનો લાભ આપવામાં આવે છે. - પૂરક પોષણ યોજનાઓ માટે ૯૩૯ કરોડની જોગવાઈ. - ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજીત ૮ લાખ લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવા ૭૦૦ કરોડની જોગવાઈ. - રાજ્યની ૧ પથી ૧૮ વર્ષની ૧૧ લાખ ૭૬ હજાર કિશોરીઓને લાભ આપવા માટે પૂર્ણા યોજનામાં ૨૨૦ કરોડની જોગવાઈ.- વિકાસશીલ તાલુકાઓ અને આદિજાતિ વિસ્તારના મળી કુલ ૮૩ તાલુકામાં આંગણવાડી લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટેની દૂધ સંજીવની યોજના અંતર્ગત ૧૩૬ કરોડની જોગવાઈ.